# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 21-03-2025 DAY: FRIDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારું** વાંચે છે.

## ભુજ- રાજકોટ ટ્રેન સેવાનો આજથી પ્રારંભ

કચ્છ સૌરાષ્ટ્રને જોડતી ભુજ- રાજકોટ ટ્રેન સેવાનો આજથી આરંભ થયો છે. આજે વહેલી સવારે કચ્છ પેસેન્જર એસોસિએશન અને રેલવે વિસ્તરણ સમિતિના અગ્રણીઓએ નવી ટ્રેન સેવાને લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. તેઓએ આ ટ્રેન સેવાને સારો પ્રતિસાદ મળશે તેવી આશા વ્યક્ત કરી હતી હાલે આ સેવા ત્રણ મહિના ચલાવાશે. સમિતિનાં અગ્રણીએ આ સેવા ભવિષ્યમાં દ્વારકા સુધી લંબાવવામાં આવશે તેવી આશા વ્યક્ત કરી હતી. ભુજથી દરરોજ આ ટ્રેન સવારે 6 અને 50 મિનિટે રવાના થઈ બપોરે દોઢ વાગ્યે રાજકોટ પહોંચશે વળતા બપોરે અઢી વાગ્યે રાજકોટથી રવાના થઈ રાતે સાડા નવ વાગ્યે ભુજ આવશે. આજે શરૂ થયેલી ટ્રેન અંગે રેલ્વે વિસ્તરણ કચ્છ રેલ્વે એસોસિએશનના મંત્રી પ્રબોધભાઇ મુનવરે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : પ્રબોધ મુનવર)

---

## વિધાનસભા - પ્રશ્નકાળ

વિધાનસભા ગૃહમાં પ્રદ્યુમનાસિંહ જાડેજા દ્વારા પૂછાયેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે,કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં 1 હજાર 167 જ્ઞાન સહાયકની નિમણૂક કરવામાં આવી

છે. વર્ષ 2022-23માં સરકારી માધ્યમિક શાળાઓમાં 279 અને ગ્રાન્ટેડ શાળામાં 105 એમ કુલ મળીને 384 જેટલા જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવી છે.વર્ષ 2023-24માં સરકારી શાળામાં 227 અને ગ્રાન્ટેડ શાળમાં 87 એમ કુલ મળી 307 જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવી છે.

---

## શેખપીર થી પાલારા બાયપાસ રોડ

શેખપીરથી પાલારા જેલ સુધી બાયપાસ રોડ બનાવવા સાંસદ વિનોદભાઇ ચાવડા દ્વારા સડક પરિવહન તથા રાજ્યમાર્ગ મંત્રી નીતિન ગડકરીને લેખિત રજૂઆત કરાઇ હતી. ભીમાસર-અંજાર-ભુજ-ખાવડા-ધર્મશાળા સુધી નવનિર્મિત બનતો નેશનલ હાઇવે નંબર 341 ભુજ શહેરમાંથી પસાર થતાં ઇમારતો, દુકાનો હટાવવા સહિત હજારો લોકોનું વિસ્થાપન તથા સડક સુરક્ષા સંબંધી સમસ્યાઓ અંગે મંત્રીશ્રીને રજૂઆત કરતાં સાંસદે શેખપીરથી પાલારા સુધી બાયપાસ રોડ બનાવવા માંગ કરી હતી. બન્ની-પચ્છમ, પાશી, ખાવડા, ધર્મશાળા માર્ગથી જિલ્લાના સ્થળોના વિકાસ અંગે સાંસદે સડક પરિવહન મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો

---

## અબડાસા – વાલ ની ખેતી

અબડાસા તાલુકાના ખેડૂતો દ્વારા ચોમાસામાં વરસાદ પડ્યા બાદ પ્રથમ વખત કરેલા વાલના પાકના વાવેતરને ધારી સફળતા મળી છે. કપિત જમીનમાં 12થી 15 મણ પ્રતિ એકરે પાકનો ઉતારો આવ્યો છે તો પિયત વાળી જમીનમાં એકરે 25 મણ જેટલું પાક ઉત્પાદન થયું છે.

અબડાસામાં સામાન્ય રીતે કપિત જમીનમાં વાલના પાકની ખેતી ખેડૂતો દ્વારા કરવામાં આવતી નથી પણ અમુક ખેડૂતો દ્વારા નવતર પ્રયોગ કરીને તાલુકામાં

300 એકર જેટલી જમીનમાં વાલનું વાવેતર કરાયું હતું. તાલુકાના નરેડી, બિદ્દા, ચિયાસર સહિતના ગામોમાં વાવેતર કરાયુ છે.

---

## હવામાન

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 24 કલાક બાદ રાજ્યના તાપમાનનો પારો ફરી ઉપર જવાનો છે. લઘુતમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થતા લોકોને કાળઝાળ ગરમી સહન કરવી પડશે.

આગામી પાંચ દિવસ આ વધારો યથાવત્ રહેશે. જોકે, રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં 24 કલાક બાદ ગરમ ભેજયુક્ત પવનોને કારણે બફારો અનુભવવો પડશે. જિલ્લામાં વહેલી સવારે ઠંડક જ્યારે બપોરના ભાગે ગરમીનો લોકો અનુભવ કરી રહ્યા છે. કચ્છના તમામ મુખ્ય મથકોએ લઘુત્તમ તાપમાન આજે 21 ડિગ્રી આસપાસ રહ્યું હતું.

---

## અબ્દુલ શકુર બાયડ વોઈસ ઓફ અમીન નું નિધન:

કચ્છના જાણીતા ઉદ્ઘોષક, વોઇસ ઓફ અમીન સયાની તરીકે ખ્યાતિ પામેલા અબ્દુલશકુર કાસમ બાયડનું 71 વર્ષની ઉંમરે અવસાન થયું હતું. ભુજ ખાતે આનંદમેળા, લોકમેળા અને અન્ય કાર્યક્રમોમાં પોતાના અનોખા અને મોહક અવાજથી લોકપ્રિયતા મેળવનાર એ. કે. બાયડને લોકો વોઇસ ઓફ કચ્છથી પણ નવાજતા હતા. પ્રખ્યાત અભિનેતા રાજકપૂરે મુંબઇ ખાતે પોતાના આવાસમાં ડીનર માટે તેમને આમંત્ર્યા હતા. રેડિયો પરથી અમીન સયાનીની સ્પર્ધાઓમાં ઝંપલાવી તેમણે સફળતા મેળવી હતી.

---

## મુંદર તાલુકા પંચાયત સામાન્ય સભા

મુંદરા તાલુકા પંચાયત સામાન્ય સભામાં નાણાકીય વર્ષ 2025-26ના રૂા. 19.41 કરોડની પુરાંતવાળાં બજેટને બહાલી અપાઈ હતી. આ તબક્કે મુંદરાને બાયપાસ માર્ગ તેમજ જમીનની સમસ્યાનો સામનો કરતાં ગામોની હદમર્યાદા વધારવા માગણી વ્યક્ત થઇ હતી. તાલુકા પંચાયત પ્રમુખ મહિપતાસિંહ જાડેજાનાં અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં અંદાજપત્રનો ઠરાવ મંજૂર કરાયો હતો તેમજ 15મા નાણાપંચનાં કામોનાં આયોજનની ચર્ચા થઈ હતી.

---------------------------------------------------------------------------------------

## મુન્દ્રા નગરપાલિકા સામાન્ય સભા

મુંદરા- બારોઈ નગરપાલિકાની ગઇકાલે મળેલી ત્રિમાસિક સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કરીને દીવાબત્તીના વાર્ષિક રૂા. 2000ના વેરામાંથી ઘટાડો કરીને સીધા રૂા. 250 કરવાની દરખાસ્ત આરસીએમમાં મુકાઈ છે. સામાન્ય સભામાં આ ઉપરાંત હંસ ટાવરની મરમ્મત, ટ્રાફિક માટે નડતરરૂપ એક ગેટને હટાવવા સહિતના નિર્ણય લેવાયા હતા. પ્રમુખ રચનાબેન જોશીનાં અધ્યક્ષસ્થાને મળેલી આ સભામાં ગત સભાની મિનિટ, કારોબારી બેઠકની મિનિટ અને આગામી નાણાકીય વર્ષ 2025-26 માટેના લગભગ રૂા.15 કરોડની પુરાંત સાથેનાં અંદાજપત્રેને બહાલી અપાઈ હતી.

---------------------------------------------------------------------------------------